**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૩.૨ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૧૯ ટકા

# શહેરમાં ઘરે ઘરે આયુર્વેદિક દવાઓનું વિતરણ

## ગાંધીનગરમાં સતત વધી રહેલા કોરોનાના કેસોને અટકાવવા માટે ઘરે ઘરે જઈ આયુર્વેદિક દવાઓ અને ઉકાળા અપાયા

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરમાં કોરોનાના સંક્રમણને નિયંત્રિત કરવા અને શહેરીજનોની રોગ પ્રતિકારક શકિત વધારવા માટે આયુર્વેદિક દવાઓનું વિતરણ ઘરે ઘરે કરવામાં આવી રહ્યું છે. ઉકાળો અને સંશમની વટીનું વિતરણ વધારી શહેરમાં કોરોના સંક્રમણને અટકાવવા પગલાં લેવામાં આવી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના કેસોમાં ખાસ્સો ઉછાળો આવ્યો છે. દરરોજ શહેરમાંથી બે-ચાર કેસો નોંધાય છે. શહેરમાં વધી રહેલા કોરોનાના કેસોને નિયંત્રિત કરવા માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સઘન પગલાં લેવામાં આવી રહ્યા છે. કોરોનાના કેસ હોય તેની આસપાસના વિસ્તારોને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરી ત્યાં પ્રવેશવા માટે કડક પ્રતિંબધો લગાવી દેવાયા છે તો અવરજવરને પણ નિયંત્રિત કરવામાં આવી છે.

કોરોના સામે લડવા માટે રોગપ્રતિકારક શકિત મજબૂત હોવી જરુરી છે. રોગપ્રતિકારક શકિત વધારવા માટે થોડાક દિવસ અગાઉ મનપા દ્વારા શહેરમાં હોમિયોપેથીક દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ દવાઓનું સેવન કેવી રીતે કરવું તેની વિગતવાર સમજણ પણ દવાઓ સાથે આપવામાં આવી હતી.






હવે છેલ્લા બે ત્રણ દિવસોથી આયુર્વેદિક દવાઓના વિતરણની સઘન કામગીરી સેકટરોમાં ચાલી રહી છે. ખાસ કરીને શહેરના કન્ટેનમેન્ટ ઝોન વિસ્તારમાં આ કામગીરીને સઘન બનાવાઈ છે. ભારત સરકારના આયુષ મંત્રાલયની માર્ગદર્શિકા અને આયુષની કચેરી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજયની સુચના મુજબ રોગપ્રતિકારક શકિતમાં વધારો કરતી સંશમની વટીનું વિતરણ ચાલી રહ્યું છે. સવારે અને સાંજે લેવાની થતી આ ગોળી હુંફાળા પાણી સાથે ટુકડા કરીને લેવાની હોય છે. નાના બાળકો પણ તેનું સેવન કરી શકે છે. ખાસ વાત તો એ છે કે આ ઔષધ આડઅસર રહીત છે. સળંગ સાત દિવસ સુધી આ પ્રયોગ કરવાથી રોગપ્રતિકારક શકિતમાં ખાસ્સો વધારો થાય છે. આ દવાના ગુણો ખૂબ વધુ હોવાથી શહેરીજનો તેનો વ્યાપક માત્રામાં ઉપયોગ કરી રહ્યા છે. શહેરના દરેકે દરેક ઘરમાં આ ઔષધિઓ પહોંચે તેની વ્યવસ્થા ગોઠવવાની શહેરીજનો માંગ કરી રહ્યા છે.

# સરઢવ ગામે ટેપ ધીમું વગાડવાનું કહેતા પરિવાર પર પાડોશીનો હુમલો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર તાલુકાના સરઢવ જનતા નગર હુડકો ખાતે પાડોશીને ટેપ ધીમુ વગાડવાનું કહેવાનું બીજા પરિવારને ભારે પડ્યું છે. પાડોશીએ બાજુમાં રહેતા પરિવાર પર હુમલો કરી અપશબ્દો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. મારામારીને પગલે આસપાસના નાગરીકો દોડી આવતા વધુ મારમાંથી પરિવારને બચાવ્યો હતો. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ નયનાબેન સુરેશભાઈ દંતાણી એ નોંધાવેલી ફરીયાદ મુજબ આજથી દોઢેક માસ અગાઉ તેમના ભાઈના નિધનને પગલે તેઓ પોતાના પિયર સરઢવ ખાતે રહેવા માટે આવી છુ.મારા પિયરમાં પિતા જીવણભાઈ, માતા કૈલાશબેન, અને બેન કિંજલ તેમજ ભાઈ કીરણ છે. કિંજલબેન પાડોશમાં રહેતા દિનેશભાઈ કાંન્તિભાઈ દંતાણીના દિકરા વિશાલ મોટા અવાજથી ટેપ વગાડતો હોવાથી ધીમે ટેપ વગાડવાનું કીધુ હતુ.તે સમયે વિશાલ અને તેની બહેન મહેર હાજર હતા. તેઓએ ફરીયાદી અને તેની માતા સામે બોલાચાલી શરુ કરી દીધી હતી.ત્યારબાદ સાંજના સુમારે વિશાલ તેના પિતા દિનેશભાઈ અને તેની બહેન મહેર ત્રણેય જણા ફરીયાદીના ઘેર ગયા હતા અને ત્યારબાદ અપશબ્દો બોલી ઝઘડો કર્યો હતો. તે સમયે ફરીયાદી અને તેના માતા-પિતા અને બહેન હાજર હોઈ ગડદાપાટુનો માર માર્યો હતો. તે સમયે વિશાલે પોતાના હાથમાં રહેલી લોખંડની પાઈપ કિંજલને મારતા માથામાંથી લોહી નીકળવા લાગ્યું હતું. ઝઘડાએ ઉગ્ર સ્વરુપ લેતા આસાપાસના નાગરીકો દોડી આવ્યા હતા. તેઓએ આ પરિવારના સભ્યોને વધુ મારમાંથી બચાવ્યા હતા. ઈજાગ્રસ્તને સારવાર માટે દવાખાને લઈ ગયા હતા. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઉનાવા પાટીયા પાસે બાઈક થડીયામાં ઘુસી જતા યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર- વિજાપુર માર્ગ પર ઉનાવા પાટીયા પાસે બાઈક કપાલેયા ઝાડના થડમાં બાઈક ઘુસી જતા યુવકનું ઘટના સ્થળે જ મૃત્યું નિપજ્યું હતું. યુવક ગાંધીનગર ગીફટ સીટી ખાતે સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતો હતો. નાઈટ શીફટ કર્યા બાદ ઘરે પરત ફરી રહ્યો હતો તે સમયે માર્ગમાં અકસ્માત નડ્યો હતો. બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર નજીક આવેલા ઉનાવા ગામના પાટીયા પાસે અકસ્માતમાં વિજાપુરના ધનપુરા ગામના ખાખરીયા વાસમાં રહેતા યુવક દિલિપભાઈ અમરતભાઈ પટેલ ખાનગી કંપનીમાં ગીફટસીટી ખાતે સિક્યુરીટી ગાર્ડમાં ફરજ બજાવતો હતો. સોમવારના રોજ રાત્રીની નોકરી પૂર્ણ કર્યા બાદ મંગળવારે સવારે તે ઘરે જવા માટે નીકળ્યો હતો. ત્યારે ઉનાવા પાટીયા પાસે થડમાં બાઈક ઘુસી ગયુ હતું. જેમાં યુવકને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા યુવકનું ઘટના સ્થળે જ મૃત્યું નિપજયુ હતું. અકસ્માતને પગલે એકઠા થયેલા નાગરીકોએ ઘરે ફોન કરતા મૃતકના નાનાભાઈ સહિત પરિવારના સભ્યો બનાવ સ્થળે દોડી આવ્યા હતા. પરિવારના સભ્યોએ બાઈક ચેક કરતા પાછળના ટાયરમાં પંકચર હતુ અને આગળનું ટાયર વળી ગયુ હતુ. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે મૃતદેહને પીએમઅર્થે મોકલી આપી આગળની તપાસ હાથ ધરી હતી.



બેંકોનું કામ નિયમિત રીતે ચાલુ છે. લોકડાઉનમાં છૂટ મળતા હવે આર્થિક ગતિવધિઓમાં વધારો થયો છે ત્યારે બેંકોમાં પણ ભીડ જોવા મળી રહી છે. અહીં સોશ્યલ ડીસ્ટન્સીંગનું પાલન કરાવવા માટે બેંકો દ્વારા ખાસ્સા પ્રયત્ન કરવામાં આવે છે પરંતુ ગ્રાહકો દ્વારા નિયમોનો પૂર્ણ અમલ કરાતો નથી.

# ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકામાં કુલ ૩૪૧૦ વ્યક્તિઓ કોરોન્ટાઇન

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લામાં ૩૪૧૦ વ્યક્તિઓને કોરોન્ટાઇન કરવામાં આવ્યા છે. જેમાં કલોલ તાલુકામાં સૌથી વધુ ૧૪૯૫ વ્યક્તિઓને વિવિધ ફેસેલીટી હેઠળ કોરોન્ટાઇન છે.

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલના જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં ૩૪૧૦ વ્યકતિઓ કોરોન્ટાઇન છે. જેમાં હોમ કોરોન્ટાઇન હેઠળ ૩૨૯૮, સરકારી ફેસીલીટીમાં કોરોન્ટાઇનમાં ૫૩ અને ૫૯ વ્યક્તિઓ ખાનગી ફેસીલીટી કોરોન્ટાઇન હેઠળ છે.

ગાંધીનગર તાલુકામાં ૭૧૬ વ્યક્તિઓ હોમ કોરોન્ટાઇન અને ૧૩ વ્યક્તિઓ સરકારી ફેસીલીટી કોરોન્ટાઇન મળી કુલ - ૭૨૯ વ્યક્તિઓ કોરોન્ટાઇન હેઠળ છે. તેમજ દહેગામ તાલુકામાં ૭૦૬ વ્યક્તિઓ હોમ કોરોન્ટાઇન અને ૧૧ વ્યક્તિઓ સરકારી ફેસીલીટી કોરોન્ટાઇન મળી કુલ - ૭૧૭ વ્યક્તિઓ કોરોન્ટાઇન હેઠળ છે. માણસા તાલુકામાં ૪૫૮ વ્યક્તિઓ હોમ કોરોન્ટાઇન અને ૨૯ વ્યક્તિઓ સરકારી ફેસીલીટી કોરોન્ટાઇનમાં મળી કુલ - ૪૮૭ વ્યકિતઓ કોરોન્ટાઇનમાં રાખવામાં આવ્યા છે. કલોલ તાલુકામાં ૧૪૧૮ વ્યક્તિઓ હોમ કોરોન્ટાઇન અને ૫૯ વ્યક્તિઓ ખાનગી ફેસીલીટી કોરોન્ટાઇન મળી કુલ - ૧૪૭૭ વ્યક્તિઓને કોરોન્ટાઇન કરવામાં આવ્યા છે.

જિલ્લા વિકાસ અધિકારીએ વધુમાં જણાવ્યું છે કે, અત્યાર સુધી ૨૫૯૨ વ્યકતિઓના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાં ૧૨૨ વ્યક્તિઓના પોઝિટીવ કેસ આવ્યા છે. તેમજ ૨૪૭૦ વ્યક્તિઓના નેગેટીવ રીપોર્ટ આવ્યા છે. તેમજ કંટ્રોલ રૂમ પર કોરોના રીલેટેડ કોલ ૩૬૨ વ્યક્તિઓએ કર્યા છે.

# ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વિદેશી દારૂની બોટલ સાથે યુવક ઝડપાયો

ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગ દરમિયાન હિંમતનગરથી બાઈક લઈને આવી રહેલા યુવકના થેલામાંથી પોલીસને એક બોટલ વિદેશી દારૂની મળી આવી હતી. ચિલોડા પોલીસે પ્રોહી. એકટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ ચિલોડા-હિંમતનગર હાઈ વે પર ચંદ્રાલા નાકા પોઈન્ટ પર આગમન હોટલ પાસે પોલીસ તંત્ર દ્વારા સાંજના સુમારે વાહન ચેકીંગની કામગીરી ચાલી રહી હતી. ત્યારે હિંમતનગર તાલુકાના ચાંપલાનાર ગામના યુવક વિપુલસિંહ પુજેસિંહ મકવાણા બાઈક નં. જી. જે. ૦૯. સી. ટી. ૪૬૮૮ લઈને નાકા પોઈન્ટ પાસે આવી પહોંચતા યુવકને પોલીસે રોક્યો હતો અને સાથે રહેલો થેલો ચેક કરતા તેમાંથી એક બોટલ વિદેશી દારુની મળી આવી હતી. પોલીસે એવેન્જર બાઈક કિં.રૂ.૫૦,૦૦૦ અને વિદેશી દારુની બોટલ કિં.૫૦૦ મળીને કુલ રૂ.૫૦,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ચિરવિદાય

- સ્વ. જમનાદાસ જેઠાલાલ સોની, ઉ.વ. ૭૫
- સ્વ. મંગળદાસ નાનજીભાઈ વાઘેલા, ઉ.વ. ૮૧
- સ્વ. હરીલાલ ત્રીકમલાલ ઠકકર, ઉ.વ. ૬૪
- સ્વ. ભરતભાઈ મણીલાલ મોદી, ઉ.વ. ૬૧
- સ્વ. ભગવાનસિંહ મનુસિંહભાઈ ડાભી, ઉ.વ. ૪૫
- સ્વ. પંડયા દિવાળીબેન કાનજીભાઈ, ઉ.વ. ૮૫
- સ્વ. નાડીયા નયનાબેન દિનેશભાઈ, ઉ.વ. ૪૨





લોકડાઉનના ચોથા તબક્કામાં ખાસ્સી છૂટ મળી છે. સરકારી કચેરીઓ રાબેતા મુજબ શરૂ થઈ ચુકી છે તો શહેરમાં ધંધા-રોજગાર પણ ધીમે ધીમે શરૂ થઈ રહ્યા છે. જેના કારણે દિવસ દરમિયાન શહેરના મુખ્ય માર્ગો પર સારી એવી અવરજવર જોવા મળે છે. બે મહિનાથી લોકડાઉનમાં ઘરે રહેલા રહીશો દુકાનો ખુલતા જરૂરી ચીજવસ્તુઓ લેવા માટે પોતાના ખાનગી વાહનો લઈને નીકળી પડે છે ઉપરાંત બસો પણ બંધ હોવાથી મોટા ભાગે ખાનગી વાહનોની અવરજવર જ જોવા મળે છે.

# ધોળાકુવા ગામના અમુક વિસ્તારને કન્ટેન્ટમેન્ટ એરિયા જાહેર કરાયો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા ધોળાકુવા ગામના અમુક વિસ્તારને તા.૨૫મી મે, ૨૦૨૦ના રોજ મહાનગરપાલિકાના કમિશનરશ્રી દ્વારા જાહેરનામું બહાર પાડીને કન્ટેન્ટમેન્ટ એરિયા તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર શ્રી રતનકંવર ગઢવીચારણે જાહેરનામામાં જણાવ્યું છે કે, હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાઈરસ કોવિડ-૧૯ ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવી છે. ભારતમાં પણ કોવિડ-૧૯ના કેસો નોધાયેલ છે. જે બાબતે કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાઈરસને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવી છે. કોરોના વાયરસના સંક્રમણને ધ્યાને લેતાં ધોળાકુવા ગામમાં ચાંચળ માતાજીના મંદિરથી અંદરની તરફ વ્યાજબી ભાવની દુકાનવાળી ગલીથી નીચેની તરફનો ઢાળ પૂર્ણ થાય ત્યાં સુધીનો નાના ઠાકોર વાસના સમગ્ર વિસ્તારને કન્ટેન્ટમેન્ટ એરિયા જાહેર કરવામાં આવ્યો છે. આ એરિયામાં અંદાજીત ૧૨૦ ઘરોમાં રહેતા આશરે ૫૫૦ જેટલી વસ્તી રહે છે, તે તમામનો આ કન્ટેન્ટમેન્ટ એરિયામાં સમાવેશ થાય છે.

# ચોમાસામાં ઉભી થનાર ફલડની સ્થિતી સામે રાહત અને બચાવ કામગીરી અંગે પ્રિમોન્સુન પ્લાન તૈયાર કરવા બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૬

જિલ્લા કલેકટરશ્રી ડૉ.કુલદીપ આર્યએ પ્રિમોન્સુન પ્લાન તૈયાર કરવા સબંધિત જિલ્લા અધિકારીઓની બેઠક યોજી હતી. જેમાં પ્રારંભે જિલ્લા અધિકારીઓને કોરોના સંક્રમણ અટકાવવાની કામગીરીમાં થયેલ સંવેદનશીલ કામગીરીની સરાહના કરીને અધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા.

જિલ્લા કલેકટરશ્રીએ પ્રિમોન્સુનની તૈયારીઓ માટે જિલ્લાના મામલતદારશ્રીઓ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ નગરપાલિકાના ચીફ ઓફિસરોને ગ્રામ્ય અને નગર ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન અપડેટ કરવા, તરવૈયા અને રેસ્ક્યુ ટીમો તૈયાર કરવા, છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન પૂરના કારણે સ્થળાંતર થયેલ હોય તેવા વિસ્તારો ચકાસી વૈકલ્પિક વ્યવસ્થા કરવા, નીચાણવાળા વિસ્તારોના ઝૂંપડાઓમાં વસતા નાગરિકોને ભારે વરસાદ કે પૂરની સ્થિતિમાં સમયસર ચેતવણી મળે, અને સલામત સ્થળે ખસેડવા સુરક્ષિત સ્થળો ચકાસવા જી.ઈ.બી. પાણી પુરવઠા, સિંચાઈ અને એસ.ટી. વિભાગ સાથે સંપર્કમાં રહેવા તથા ટેલિફોન નંબરો અપડેટ કરવા જણાવ્યું હતું.




જિલ્લામાં આવેલ કેનાલ – રસ્તાના બાંધકામના કારણે પાણીના કુદરતી વહેણમાં અવરોધ બનતા હોય તેવા અવરોધોનો તાત્કાલિક નિકાલ કરવા નદીના પટમાં શાકભાજી વાડને તાત્કાલિક અસરથી દુર કરાવવા, વરસાદી પાણીના નિકાલમાં નગર સેવા સદનના વિસ્તારોમાં ઝૂપડપટ્ટી થઈ હોય અથવા કચરો ઠાલવીને અવરોધ ઉભો કરવામાં આવ્યો હોયતો તે દુર કરાવવા.

યુ.જી.વી.સી.એલ.ના કા.પા.ઈ.શ્રીને વીજ પુરવઠો જાળવી રાખવા, વાવાઝોડાના કારણે પડી ગયેલ ઈલેકટ્રીક થાંભલા ઉભા કરવા તેમજ વીજ પૂરવઠો પૂર્વવત થાય તે માટે તમામ વ્યવસ્થાની તૈયારીઓ કરવા જણાવ્યું હતું. નગરપાલિકાના ચીફ ઓફિસરોને જેસીબી મશીન, બુલડોઝર, પાણીના ટેન્કર તેમજ મજૂરો તૈયાર રાખવા, જાન-માલના કિસ્સામાં મૃતદેહો સંભાળવા, સોંપવા તથા નિકાલ કરવાની તૈયારીઓ રાખવા જણાવ્યું.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને આશ્રયસ્થાનો માટે ઉપયોગમાં લેવાની શાળાઓમાં સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું આયોજન કરવા જણાવ્યું. મદદનીશ આર.ટી.ઓને જરૂરી વાહનો સાથે ઈન્સ્પેકટરોની ટીમ તૈયાર કરવા તેમજ જિલ્લાના કાયમી આશ્રય સ્થાનોની વિગત મેળવી તેના રૂટ તૈયાર કરવા જણાવ્યું. વાહન વ્યવહારના વિભાગીય નિયામકને સ્થળાંતર માટે જરૂરિયાત મુજબ એસટીઓ પૂરી પાડવા તથા બંધ અને શરૂ થતા રૂટ અંગેની માહિતી જનતાને સમયસર મળી રહે તે માટે કંટ્રોલ રૂમની વ્યવસ્થા કરવા જણાવ્યું હતું.

# કોરોના વોરિયર્સથી લઈને સ્પેશિયલ બાળકોને તૃપ્ત કરી જન્મદિવસ ઉજવતી યુવા મીડિયા કર્મી

ગાંધીનગર, તા.૨૬

જેમ પુષ્પ કોઈ પણ પરિસ્થિતિમાં તેની સુવાસ નથી છોડતું, તેમ કોઈ સારી વ્યક્તિ તેની સારપ નથી ચૂકતી. હાલ કોરોના મહામારીના કારણે જે સ્થિતિ સર્જાઈ છે તેમાં અનેક નાગરિકો જેમના જન્મ દિવસ લોકડાઉન દરમ્યાન આવ્યા હતા તેઓ પોતાના જન્મદિવસની ઉજવણી માટે પોતાના પરિવારજનોસાથે પાર્ટી કે એ મિત્રો સાથે ફિલ્મ જોવા જઈને નથી કરી શક્યા તેનો તેમને અફસોસ છે પરંતુ શહેરમાં એવા યુવાનો પણ છે જેઓ દર વખતે પોતાનો જન્મદિવસ કોઈ સેવાકાર્ય થકી ઉજવે છે અને તે માટે તેમને કોઈ પણ પરિસ્થિતી નડતી નથી. આજે ગાંધીનગરમાં વિવિધ સેવાકીય સંસ્થાઓ સાથે સંકળાયેલ યુવા સામાજિક કાર્યકર અને એક ખાનગી ન્યૂઝ ચેનલમાં કામ કરતી શહેરની દીકરી કાજલ વૈષ્ણવનો જન્મદિવસ હતો જે તેમણે વિવિધ સેવાકીય કાર્યો થકી ઉજવ્યો હતો.




દર વર્ષે પોતાના મિત્રો સાથે ખુબ જ ધામધૂમથી જન્મદિવસ ઉજવતી કાજલ વૈષ્ણવે આ વખતે પરિથિતિને સમજીને પોતાના જન્મદિવસની ઉજવણી કોઈ પણ મિત્રને બોલાવ્યા વિના એકલા જ ઉજવવાનું નક્કી કર્યું હતું. આ અંતગર્ત તેઓએ એક દિવસ અગાઉથી બધી તૈયારીઓ કરી લીધી હતી અને આજે ખરા બપોરે ધોમધખતી ગરમીમાં તે પોતાના પિતાને સાથે લઈને શહેરમાં નીકળી પડ્યા હતા. સૌ પ્રથમ બંને જણે શહેરના ચ-રોડ થી કૂડાસણ એન્ટ્રી નાકા પોઈન્ટ થઈને સરગાસણ એન્ટ્રી પોઈન્ટ, ઘ-૦ થઈને ઘ-રોડ પર ફરીને તમામ કોરોના વોરિયર્સ જેવા કે દરેક પોઈન્ટ પર તૈનાત પોલીસ કર્મચારીઓ, ૧૦૮ એમ્બુલન્સના કર્મચારીઓ, સફાઈ કર્મીઓ, બાગાયત કર્મીઓ, પેટ્રોલ પમ્પના એટેંડન્ટ, સુલભ શૌચાલયના કર્મચારીઓ, સિક્યુરિટી કર્મચારીઓ વગેરેને ઠંડી ઠંડી છાસ પીવડાવી તૃપ્ત કર્યા હતા. આ પછી તેમણે શહેરના માર્ગો પર ફળફળાદિ, શાકભાજી કે અન્ય સમાન વેચતા લારીઓવાળાઓને તેમજ જરૂરિયાતમંદ વર્ગના નાગરિકોને માસ્કનું વિતરણ કર્યુ હતું. અંતમાં તેમણે સેક્ટર-૧૯માં સ્પેશિયલ ચિલ્ડ્રન હોમના બાળકોને ફ્રૂટી પીવડાવી તેમની સાથે સમય વિતાવ્યો હતો. આ રીતે તેમણે સોશિયલ ડિસ્ટન્સિંગનું ધ્યાન રાખવા સાથે લોકડાઉન જેવી સ્થિતિમાં પણ પોતાના જન્મદિવસની ઉજવણી વિવિધ સેવા કાર્યો કરી આત્મસંતોષ મેળવવા સાથે યુવા વર્ગ માટે એક પ્રેરણાત્મક ઉદાહરણ પણ પૂરું પાડયું હતું.